

P.07

સારા અલી ખાને રણવીર સિંહની 'સિમ્બા'ના ૭ વર્ષની ઉજવણી કરી

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

દીપિકા પાદુકોણને કારણે 'કલ્કી ૨'નું શૂટિંગ વિલંબમાં, અટકી ગયું છે



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૪૧ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર વદ ૧૫ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 141 • Dt. 30-12-2024 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


૧૮૧ યાત્રીકોને લઈ જઈ રહેલ પ્લેન ક્રેશ થતાં ૧૨૦ લોકોના મોત



07

**30**
DECEMBER- 2024
MONDAY



07

નવા વર્ષમાં ઉત્તર ભારતમાં શીત લહેર, વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી

### ગુજરાતમાં દારૂબંધી છે પણ કાયદો દારૂનાં વપરાશ માટે પરમિટ આપે છે

# ગુજરાત રાજ્યના અમદાવાદ, જામનગર, વડોદરા જેવા શહેરોમાં પરમીટધારકો વધ્યા

## રાજ્યમાં સક્રિય લિકર હેલ્થ પરમિટની સંખ્યા ૩.૫ ટકા વધીને ૨૦૨૪ માં આશરે ૪૫૦૦૦ પરમિટ ધારકો સુધી પહોંચી છે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૯।

ગુજરાતમાં દારૂબંધી છે પણ કાયદો દારૂનાં વપરાશ માટે પરમિટ આપે છે, ગુજરાતમાં આરોગ્ય માટે દારૂની પરમિટ આપવામાં આવે છે, તબીબી કારણોસર દારૂ માટે રચાયેલી આ સિસ્ટમ અંતર્ગત નોંધાયેલા લોકોની સંખ્યા છેલ્લાં ત્રણ વર્ષમાં ઉચ્ચ સ્તરે પહોંચી છે. રાજ્યમાં સક્રિય લિકર હેલ્થ પરમિટની સંખ્યા ૩.૫ ટકા વધીને ૨૦૨૪ માં આશરે ૪૫૦૦૦ પરમિટ ધારકો સુધી પહોંચી છે. રાજ્ય સરકારનાં સૂત્રો આ સ્થિરતા માટે પ્રતિબંધિત ખર્ચ, પરમિટ જારી કરવાની પ્રક્રિયામાં વિલંબ અને સક્રિય પરમિટ જાળવવાના નાણાકીય બોજને કારણે ગણે છે. ગુજરાતમાં દારૂની હેલ્થ પરમિટ મેળવવી એ એક ખર્ચાળ બાબત છે, જેની શરૂઆત



રૂ. ૪૦૦૦ ની કિંમતથી થાય છે. આ ઉપરાંત, પરમિટ રિન્યૂ કરવા માટે વાર્ષિક રૂ. ૨૦૦૦ની જરૂર પડે છે.વાસ્તવમાં, આ વર્ષની શરૂઆતમાં ગુજરાત વિધાનસભામાં રજૂ કરાયેલાં ડેટા અનુસાર, રાજ્ય સરકારે નવી પરમિટ જારી કરીને અને હાલની પરમિટને રીન્યુ કરીને રૂ. ૩૮.૫૬ કરોડની કમાણી કરી હતી. એક સ્ત્રોતે જણાવ્યું કે " સૌથી વધુ ખર્ચ નિયુક્ત એરિયા મેડિકલ બોર્ડ્સ દ્વારા ફરજિયાત તબીબી પ્રમાણપત્રોનો છે, આ વધારાનો ચાર્જ જિલ્લા પ્રમાણે બદલાય છે અને તેની રેન્જ રૂ. ૧૦૦૦૦ થી રૂ. ૪૦૦૦૦ સુધીની હોય છે."તેમણે કહ્યું કે "જેઓ ક્યારેક ક્યારેક અથવા મર્યાદિત તબીબી કારણોસર આલ્કોહોલનું સેવન કરે છે તેમનાં માટે ખર્ચ ખૂબ જ ઊંચો છે," આ નાણાકીય અવરોધો પ્રક્રિયાગત વિલંબ દ્વારા વધુ જટિલ બને છે, જેમાં નવી અરજીઓ અને રીન્યુ પ્રક્રિયાઓ વારંવાર અપેક્ષા કરતાં વધુ સમય લે છે. "પરમિટની મંજૂરીમાં વિલંબથી નવાં અરજદારો નિરાશ થયાં છે, જિલ્લા-સ્તરના ડેટા જોવાથી પરમિટ ધારકોના વલણોમાં તીવ્ર ભિન્નતા જોવા મળે છે. ૨૦૨૪માં ૧૪૦૦૦ સક્રિય પરમિટ ધારકો સાથે અમદાવાદ અગ્રેસર રહ્યું છે, જે પાછલાં વર્ષની સરખામણીમાં સાધારણ ૪ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

















ગુજરાત સહિત દેશભરમાં આગામી ૧૦૦ દિવસ સુધી ટ્યૂબરક્યુલોસિસ નિર્મૂલન ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો

# ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ટી.બી.ના ૨.૭૮ લાખથી વધુ કેસ નોંધાયા । અમદાવાદમાં સૌથી વધુ ૧૯ હજાર કેસ

## ડોક્ટરોના મતે, વાળ અને નખ સિવાય ટી.બી. શરીરના કોઈ પણ ભાગને અસર કરી શકે

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૯ ।

ગુજરાત સહિત દેશભરમાં આગામી ૧૦૦ દિવસ સુધી ટ્યૂબરક્યુલોસિસ નિર્મૂલન ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પરંતુ ટી.બી. નિર્મૂલન ઝુંબેશના આ દાવા અને વાસ્તવિક્તા વચ્ચે જમીન-આસમાનનું અંતર છે. ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં જ ટી.બી.ના ૨.૭૮ લાખથી વધુ કેસ નોંધાઇ ચૂક્યા છે. જ્યારે ૧૦,૩૮૯ના મૃત્યુ થયા છે. આ પૈકી આ વર્ષે જ ૪૪૧૩ વ્યક્તિએ ટી.બી. સામે જીવ ગુમાવ્યો છે. આમ, આ વર્ષની સ્થિતિએ પ્રતિ દિવસે ૧૪ વ્યક્તિ ટી.બી. સામે જીવ ગુમાવે છે. ગુજરાતમાં આ વર્ષે ૨૬મી ડિસેમ્બર સુધીમાં ટી.બી.ના ૧.૩૪ લાખ કેસ નોંધાઈ ચૂક્યા છે. આમ, દર વર્ષે ટી.બી.ના ૧ લાખથી વધુ કેસ નોંધાવવાનો સિલસિલો યથાવત્ છે. વર્ષ ૨૦૨૪માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી સૌથી વધુ ૧૫, ૩૯૪ કેસ નોંધાયા છે. બીજી તરફ અમદાવાદ ગ્રામ્યમાં ૩,૫૫૭ કેસ નોંધાયા છે. અમદાવાદ જિલ્લામાં આ વર્ષે જ ૧૮,૯૫૧ કેસ નોંધાઈ ચૂક્યા છે તેમ કહી શકાય. સૌથી વધુ કેસ નોંધાયા હોય તેમાં સુરત ૧૫,૧૪૯ કેસ સાથે બીજા સ્થાને છે. યુવાનોમાં ટી.બી.ના વધતા જતાં કેસ ચિંતાનો વિષય છે. ડોક્ટરોના મતે, વાળ અને નખ સિવાય ટી.બી. શરીરના કોઈ પણ ભાગને અસર કરી શકે છે. પરંતુ મોટાભાગે ફેફસાંમાં થાય છે, જે પલ્મોનરી ટી.બી. કહેવાય છે. પલ્મોનરી ટીબીનો ચેપ સક્રિય બને તો અંદાજે ૯૦ ટકા કેસમાં તે ફેફસાંને અસર કરે છે, તેના લક્ષણોમાં છાતીમાં દુઃખાવો તથા લાંબા ગાળા સુધી ગળફા સાથેની ખાંસી થાય છે. અંદાજે ૨૫ ટકા લોકોમાં કોઈ લક્ષણ ન પણ જોવા મળે. ક્યારેક લોકોને ગળફામાં થોડું લોહી પડી શકે છે, જ્યારે કોઈ દુર્લભ કિસ્સામાં પલ્મોનરી આર્ટરીમાં ચેપ લાગતા ઘણું વધુ લોહી વહી શકે છે. ગંભીર ટી.બી.માં ફેફસાંના ઉપલા ભાગને વધુ અસર થઈ શકે છે.૧૫થી ૨૦ ટકા એક્ટિવ કેસમાં ચેપ ફેફસાંની બહાર ફેલાઈ શકે છે. જેનાથી અન્ય પ્રકારનો ટી.બી. થાય છે, જેને એક્સ્ટ્રાપલ્મોનરી ટી.બી. કહેવામાં આવે છે. આ પ્રકારનો ટી.બી. મોટા ભાગે ઓછી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો તથા નાના બાળકોને થાય છે. ટી.બી.ના વધુ ગંભીર અને વ્યાપક પ્રકારને ડિસસેમિનેટેડ ટ્યૂબરક્યુલોસિસ કહે છે, જે એક્સ્ટ્રાપલ્મોનરી કેસમાં આશરે ૧૦ ટકા લોકોને હોય છે. ગુજરાત સહિત દેશભરમાં આગામી ૧૦૦ દિવસ સુધી ટ્યૂબરક્યુલોસિસ નિર્મૂલન ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પરંતુ ટી.બી. નિર્મૂલન ઝુંબેશના આ દાવા અને વાસ્તવિક્તા વચ્ચે જમીન-આસમાનનું અંતર છે. ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં જ ટી.બી.ના ૨.૭૮ લાખથી વધુ કેસ નોંધાઇ ચૂક્યા છે. જ્યારે ૧૦,૩૮૯ના મૃત્યુ થયા છે. આ પૈકી આ વર્ષે જ ૪૪૧૩ વ્યક્તિએ ટી.બી. સામે જીવ ગુમાવ્યો છે. આમ, આ વર્ષની સ્થિતિએ પ્રતિ દિવસે ૧૪ વ્યક્તિ ટી.બી. સામે જીવ ગુમાવે છે. ગુજરાતમાં આ વર્ષે ૨૬મી ડિસેમ્બર સુધીમાં ટી.બી.ના ૧.૩૪ લાખ કેસ નોંધાઈ ચૂક્યા છે.




## સુરતમાં પત્ની પીડિત પુરુષોનું પ્રદર્શન, પુરુષ આયોગ બનાવવાની માંગ

। પ્રતિનિધિ, સુરત,તા.૨૯ ।

બેંગલુરુના એન્જિનિયર અતુલ સુભાષના આત્મહત્યા કેસને લઈને સુરતમાં પત્ની પીડિત પતિઓએ પ્રદર્શન કર્યું. દેખાવકારોએ પોતાના હાથમાં પ્લેકાર્ડ લઈને કાયદા હેઠળ મહિલાઓના અધિકારોના દુરુપયોગનો મુદ્દો ઉઠાવ્યો હતો અને પુરુષો માટે એક કમિશનની રચના કરવાની પણ માંગ કરી હતી. આંદોલનકારીઓએ જણાવ્યું હતું કે ખોટા કેસો દ્વારા અત્યાચાર ગુજારાયેલા પુરુષોને ન્યાય આપવા માટે નક્કર પગલાં લેવા જોઈએ.મળતી માહિતી મુજબ સુરત શહેરના અઠવા લાઈન્સ સર્કલ પર એક વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. વાસ્તવમાં બેંગલુરુના એન્જિનિયર અતુલ સુભાષે આત્મહત્યા પહેલા એક વીડિયો બનાવ્યો હતો અને તેની પર તેમની પત્નીને હેરાન કરવાનો આરોપ લગાવ્યો હતો. અતુલ સુભાષ આત્મહત્યા કેસને લઈને નવી ચર્ચા શરૂ થઈ. આ સંદર્ભે કાયદામાં મહિલાઓને આપવામાં આવેલા અલગ અધિકારોના દુરુપયોગની ચર્ચા છે.

## અમદાવાદમાં વધુ એક અકસ્માત,બેકાબૂ કારે શાક વેચતા ફેરિયાઓને ઉલાળ્યા

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૯ ।

અમદાવાદની ધરતી ફરી અકસ્માતના લોહીથી રક્તરંજિત બની છે. શહેરના જમાલપુર વિસ્તારમાં બ્રિજ પાસે આજે સવારે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. વૃદ્ધ દંપતીને કારે અકસ્માત સર્જ્યો હતો, જેમાં એક મહિલાનું મોત નિપજ્યું છે. તેમજ બે લોકો ઈજાગ્રસ્ત થયા છે. કારચાલકે કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. પહેલા બ્રિજની દિવાલ સાથે કાર ટકરાઈ હતી. દિવાલ સાથે ટકરાયા બાદ કારચાલકે કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ કાર રોડની સાઈડમાં શાક વેચતા ફેરિયાઓ પર ફરી વળી હતી. પોલીસે કારચાલકની અટકાયત કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આજે સવારે જમાલપુર બ્રિજ નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક વૃદ્ધ દંપતીની કાર પ્રથમ બ્રિજની દીવાલ સાથે ગાડી ટકરાઈ હતી, તેના બાદ કારે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવ્યો હતો.

## ભરૂચના દહેજની જીએફએલ કંપનીમાં ગેસ લીકેજથી આગ લાગતા ૪ના મોત

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૨૯ ।

ભરૂચ જિલ્લાના દહેજમાં આવેલ જીએફએલ કંપનીમાં ગેસ લીકેજ થયા બાદ લાગેલ આગમાં બળીને ચાર કામદારોના મોત થયા છે. જીએફએલ કંપનીના સીએમએસ પ્લાન્ટમાં આ દુર્ઘટના સર્જાઈ હતી. વાલ્વ લીકેજ થતા કામદારોને ગેસ ગળતર બાદની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. જો કે, આ ઘટનાને લઈને દહેજ એસડીએમ એ યોગ્ય તપાસ અને વળતર માટેની સૂચનાઓ આપી હતી. જી એફ એલ કંપનીએ, મૃતક કામદારના નજીકના પરિવારજનને રૂપિયા ૨૫ લાખ વળતર પેટે આપવાની જાહેરાત કરી હતી.ઔદ્યોગિક કોરીડોરમાં આવેલ ભરૂચ જિલ્લાના દહેજ સ્થિત, જીએફએલ કંપનીમાં એક અકસ્માત સર્જાયો હતો. જીએફએલ કંપનીના સીએમએસ પ્લાન્ટમાં ગેસનો વાલ્વ લીકેજ થતા ગંભીર બનાવ બન્યો હતો. વાલ્વ લીકેજના કારણે પ્રસરેલા ગેસથી એકાએક આગની જ્વાળાઓ ઉઠી હતી. જેમાં કામદારો ચપેટમાં આવી જતા ચાર કામદારના મોત થયા છે.દહેજની જીએફએલ કંપનીના સીએમએસ પ્લાન્ટમાં સર્જાયેલ દુર્ઘટનાની ગંભીરતા જોતા, એસ ડી એમ અને દહેજ મરીન પોલીસના અધિકારીઓ સિવિલ હોસ્પિટલ પહોચી ગયા હતા. જ્યા તેમણે સમગ્ર બનાવ અંગે યોગ્ય તપાસ અને મૃતકના પરિવારજનોને યોગ્ય વળતર ચૂકવવા માટે સૂચનાઓ આપી હતી.

મનસુખ માંડવિયાએ નિર્માણના પ્રથમ તબક્કા હેઠળ ચાલી રહેલી કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યું

## ભૂપેન્દ્ર પટેલે લોથલ ખાતે નિર્માણાધીન દેશના પ્રથમ નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સની કાર્યપ્રગતિની સમીક્ષા કરી

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૮ ।

કેન્દ્રીય મંત્રી સર્વાનંદ સોનોવાલ અને મનસુખ માંડવિયાએ નિર્માણના પ્રથમ તબક્કા હેઠળ ચાલી રહેલી કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યું. વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીની ગુજરાતની પ્રાચીન ભવ્ય સામુદ્રિક વિરાસત ને આધુનિક યુગના આયામો સાથે જોડીને વિરાસત ભી વિકાસ ભી સાકાર કરવાની નેમ પાર પડશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય શિપિંગ અને પોર્ટ મંત્રી સર્વાનંદ સોનોવાલ અને કેન્દ્રીય શ્રમ અને રમત-ગમત મંત્રી મનસુખ માંડવિયા સાથે ગુજરાતના પ્રાચીન વારસાના મહત્વપૂર્ણ સ્થળ લોથલ ખાતે નિર્માણાધીન મહત્વકાંક્ષી પ્રોજેકટ 'નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સની સ્થળ મુલાકાત લઈને હાથ ધરવામાં આવી રહેલા કામોની સમીક્ષા કરી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આ વિશાળ નેશનલ મેરી ટાઈમ હેરિટેજ મ્યુઝીયમનું નિર્માણ થઈ રહ્યું છે. ગુજરાતના સમૃદ્ધ પ્રાચીન સામુદ્રિક વારસાની વિરાસત ને આધુનિક યુગ ના આયોમો સાથે જોડીને નિર્માણ થઈ રહેલું આ મ્યુઝીયમ 'વિરાસત ભી વિકાસ ભી 'ના પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદીના ધ્યેયને સાકાર કરશે.



## બાથરૂમમાં ન્હાવા ગયેલી ૧૩ વર્ષીય યુવતીનું રહસ્યમય સંજોગોમાં મોત

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૨૯ ।

પાલનપુરના આબુ હાઈવે ઉપર આવેલી તિરૂપતિ રાજનગર સોસાયટીના મકાનમાં બાથરૂમમાં ન્હાવા ગયેલી ૧૩ વર્ષીય કિશોરીનું ગીઝરના ગેસથી ગૂંગળાઇ જવાથી મોત નિપજતા અરેરાટી વ્યાપી છે.નાહવા ગયેલી દીકરીનો ૧૫ મિનિટ સુધી બાથરૂમમાંથી કોઈ અવાજ ન આવતાં કે પુત્રી બહાર ન નીકળતા માતાએ દરવાજો ખખડાવ્યો હતો. જે ના ખોલતાં મકાન પાછળ જઈ કાચની ઝાળીમાંથી જોતા તેણી ફર્સ ઉપર પડેલી હતી. આથી પરિવારજનોએ બાથરૂમનો દરવાજો તોડી કિશોરીને ખાનગી હોસ્પિટલમાં લઇ ગયા હતા. જ્યાં તબીબે તેણીને મૃત જાહેર કરી હતી.પાલનપુરની તિરૂપતિ રાજનગર સોસાયટીમાં રહેતા મૂળ વડગામના વેસાના દુષ્યંતભાઈ વ્યાસ બિલ્ડીંગ કન્સ્ટ્રકશનના વ્યવસાય સાથે સંકળાયેલા છે.તેમની ૧૩ વર્ષીય દીકરી દુર્વા તેમના મકાનના બાથરૂમમાં ન્હાવા માટે ગઈ હતી. જે બાથરૂમમાં ગયા પછી ૧૫ મિનીટ સુધી કોઈ અવાજ આવ્યો ન હતો. કે તેણી બહાર પણ ન નીકળતાં તેણીની માતા મિતલબેને દરવાજો ખખડાવ્યો હતો.

## પતિએ પ્રેમિકા સાથે મળી પત્નીને મોતને ઘાટ ઉતારી

। પ્રતિનિધિ, મોરબી, તા.૨૯ ।

મોરબીમાં વધુ એક હત્યાની ઘટના સામે આવી છે, આ વખતે પ્રેમ પ્રકરણમાં એક હત્યા થઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. પરણેલા પ્રેમી પંખીડાએ પોતાની જ પત્નીની ગળુ દબાવીને હત્યા કરી નાંખી હતી, અને બાદમાં તેના મૃતદેહને સંતાડવા જતાં પકડાઈ ગયા હતા. હાલમાં બન્નેની પોલીસે ધરપકડ કરી લીધી છે.મોરબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર, ઘટનાની વિગતો એવી છે કે, રાહુલ રેવાલી નામની યુવતીના પ્રેમમાં પાગલ હતો, રાહુલ પહેલાથી પાયલ ઉર્ફે રાની નામની યુવતી સાથે પરણેલો હતો. રાહુલ નાયક અને રેવાલીના પ્રેમ પ્રકરણની જાણ પાયલને થઈ ગઈ હતી, અને રાહુલ નાયક રેવાલીને બીજી પત્ની તરીકે પોતાના ઘરમાં રાખવા માંગતો હતો, પરંતુ આ વાત પાયલ પાયલ ઉર્ફે રાનીને ગમતી ન હતી. પ્રેમ પ્રકરણનો અંત એવો આવ્યો કે બન્ને હાલમાં પોલીસની પકડમાં છે.




## સીએમઓમાંથી હાંકી કઢાયેલા ધ્રુમિલ પટેલ વોર્ડ પ્રમુખ બનાવી દેવાયો

# સીએમઓમાંથી જેને ભ્રષ્ટાચારી ગણીને કાઢી મૂકાયો હતો, તે ધ્રુમિલ પટેલને ભાજપે મોટી જવાબદારી સોંપી

**રાજ્યમાં જ્યારે ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી બન્યા ત્યારે મુખ્યમંત્રી કાર્યાલયમાં ધ્રુમિલ પટેલની નિયુક્તિ પર્સનલ આસિસ્ટન્ટ તરીકે થઇ હતી**

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૨૯ ।

ગુજરાત ભાજપના સંગઠનમાં નવી નિમણૂંકો બાદ આંતરિક વિખવાદ જોવા મળી રહ્યો છે. કેટલાક મંડળ પ્રમુખોની નિમણૂંકને લઈને સવાલો ઉઠ્યા છે. ત્યારે હવે એક નવો વિવાદ સામે આવ્યો છે. ત્યારે સીએમઓમાંથી હાંકી કઢાયેલા ધ્રુમિલ પટેલ વોર્ડ પ્રમુખ બનાવી દેવાયો છે. પીએસઆઈ પોસ્ટિંગ, બિલ્ડરોની પાસ કરાવતા હોવાની ફરિયાદો છેક પીએમઓમ સુધી પહોંચી હતી, એ જ નેતાને હવે મુખ્યમંત્રીના મત વિસ્તારની જવાબદારી સોંપ ાઈ. તત્કાલિન મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકાર પછી રાજ્યમાં જ્યારે ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી બન્યા ત્યારે મુખ્યમંત્રી કાર્યાલયમાં ધ્રુમિલ પટેલની નિયુક્તિ પર્સનલ આસિસ્ટન્ટ તરીકે થઈ હતી. પ રંતું ધ્રુમિલ પટેલ પર ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટરોને મલાઈદાર પોસ્ટીંગ



અને ગમતું પોસ્ટીંગ આપવા માટે ધ્રુમિલ પટેલે મોટાપાયે વહીવટો કર્યા હતા. સાથે જ બિલ્ડરોની ફાઈલો પાસ કરાવવામાં ધ્રુમિલ પટેલ પર આરોપ લાગ્યા હતા. આ અંગે ભાંડો ફૂટતા સીએમઓ બાદ છેક પીએમઓ સુધી ધ્રુમિલ પટેલની ફરિયાદ કરવામાં આવી હતી. આ બાદ ધ્રુમિલ પટેલને મુખ્યમંત્રી કાર્યાલયમાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો. પરંતુ હવે કંઈક એવું થયું કે ફરી ધ્રુમિલ પટેલ ચર્ચામાં આવ્યો છે. અમદાવાદ શહેરમાં ભાજપે વોર્ડ પ્રમુખોના નામોની સત્તાવાર જાહેરમાં ધ્રુમિલ પટેલ ફરી ચર્ચામાં આવ્યો છે. મુખ્યમંત્રીના મત વિસ્તાર પાટલોડિયામાં વોર્ડ પ્રમુખપદે શ્રુમિલ પટેલની નિમણૂંક કરવામાં આવી છે. આ વિવાદાસ્પદ નિમણૂંકને કારણે ભાજપની નેતાગીરી પર ફરી સવાલો ઉઠ્યા છે. ભૂપેન્દ્ર પટેલ ૨૦૧૭માં પ હેલીવાર ઘાટલોડિયાથી ચૂંટણી લડીને ધારાસભ્ય બન્યા ત્યારથી ધ્રુમિલ પટેલ તેમની સાથે કામ કરી રહ્યો છે. કોલેજના દિવસોમાં તે એનએસયુઆઈના સક્રિય કાર્યકર્તા હતા, પરંતુ પાછળથી તે ભાજપમાં જોડાઈ ગયા હતા. ભૂપેન્દ્ર પટેલ અગાઉ તે પૂર્વ સીએમ આનંદીબેન પટેલની પાર્ટી ઓફિસમાં પણ કામ કરી ચૂક્યા છે. પોલીસ અધિકારીઓમાં થતી ચર્ચા મુજબ ધ્રુમિલ પટેલની પીઆઈ અને પ ીએસઆઈની ટ્રાન્સફર અને પ ોસ્ટિંગમાં દખલગીરી રહેતી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર તાજેતરમાં એક પીઆઈની આઈપીએસના રીડર તરીકે નિમણૂંક થઈ હતી. એવી ચર્ચા છે કે ધ્રુમિલે સિનિયર પોલીસ અધિકારીને ફોન કરી આ પીઆઈની ટ્રાન્સફર કરવા માટે કહ્યું હતું. એટલું જ નહીં, પોલીસ ઈન્સ્પેક્ટરો મલાઈદાર પોસ્ટિંગ માટે ધ્રુમિલનો જ સંપર્ક કરતા હતા.

## ધુવિલ પંકજભાઇ ચુડાસમા ગોલ્ડ મેડલ મેળવી સંસ્થા અને સામાજ નુ નામ રોશન ક્યુ

# ૧૯ મી ઇસ્કુ ઇન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશિપ ટુર્નામેન્ટ કાંકરીયા એકકા ક્લબ ખાતે યોજાઇ




। અમદાવાદ,તા.૨૮ ।

૧૯ મી ઈસ્કુ ઈન્ટરનેશનલ કર- ાટે ચેમ્પિયનશિપ કાંકરીયા એકકા ક્લબ ખાતે યોજાયઅમદાવાદ કાંકરીયા એકકા લબ ખાતે ૧૯ મી ઈસ્કુ ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશિપ આ ટુર્નામેન્ટ અંડર ૧૬ માટે યોજાયેલ જેમા ભારત ચાઈના નેપાળ ના ૧૦૦૦ જેટલા વિધાર્થીઓ જોડાયા હતા જેમા અમદાવાદ ની સરકારી સંસ્થા જ્યોતિ સંધ ના સ્પોર્ટ્સ વિભાગ ના વિદ્યાર્થીઓ જોડાયા હતા જેમા અમદાવાદ બારશાખ રાજપૂત સમાજ ના ધુવિલ પ ંકજભાઈ ચુડાસમા ગોલ્ડ મેડલ મેળવી સંસ્થા અને સામાજ નુ નામ રોશન ક્યુ છે આ પ્રસંગે સંસ્થા અને સમાજ ના લોકો એ અંભિનંદન આપ્યા હતા.

# કચ્છની ધરતી ફરી એકવાર ભૂકંપના આંચકાથી ધ્રૂજી ઉઠી એક મહિનામાં ત્રીજો આંચકો

। માહિતી બ્યુરો, ભુજ,તા.૨૯ ।

કચ્છની ધરતી ફરી એકવાર ભૂકંપના આંચકાથી ધ્રૂજી ઉઠી છે. કચ્છમાં રવિવારે સવારે ૩.૨ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ગાંધી નગર સ્થિત સિસ્મોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના જણાવ્યા અનુસાર કચ્છમાં સવારે ૧૦.૦૬ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૩.૨ માપવામાં આવી છે. ભૂકંપની તીવ્રતા ઓછી હોવાને કારણે કોઈ જાનહાનિ કે જાન-માલના નુકસાનના સમાચાર નથી.સિસ્મોલોજીકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અનુસાર, આ ભૂકંપનું કેન્દ્ર ભચાઉથી ૧૮ કિલોમીટર ઉત્તર-ઉત્તરપૂર્વમાં હતું. આ મહિનામાં જિલ્લામાં ત્રણથી વધુની તીવ્રતાનો આ ત્રીજો ભૂકંપ છે. અગાઉ ૨૩ ડિસેમ્બર અને ૭ ડિસેમ્બરે પણ કચ્છમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ૨૩ ડિસેમ્બરે કચ્છમાં ૩.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ૭ ડિસેમ્બરે પણ ભૂકંપના કારણે કચ્છની ધરતી ધ્રૂજી ઉઠી હતી. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૩.૨ માપવામાં આવી હતી.શુક્રવારે જમ્મુ-કાશ્મીરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ચાર માપવામાં આવી હતી. ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં રાત્રે ૯.૦૬ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર ૧૦ કિલોમીટરની ઉંડાઈએ હતું.









Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

### ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

### WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

### ‘હું હવે ક્યારેય ઓડિશન નહીં આપું...’

# ભુવન બામે વર્ણવી ગ્લેમરસ જીવનની વરવી વાસ્તવિકતા



તાજેતરમાં એક ઈવેન્ટમાં ભુવન બામે તેની કારકિર્દીની સફર વિશે વિગતવાર વાત કરી છે. આ દરમિયાન પણ દર્શકો તેના જવાબ પર જોરદાર અવાજ ઉઠાવતા રહ્યા હતા. ભુવન બામે ગ્રેટર નોઈડાની આખી જિંદગી બદલી નાખનારી ઘટના કહી છે. તેણે જણાવ્યું હતું કે, ‘હું રિયાલિટી શોના ઓડિશન માટે ગ્રેટર નોઈડા ગયો હતો. મારો વારો આવ્યો ત્યારે ઓડિશનનો સમય પૂરો થઈ ગયો હતો. પછી આયોજકોએ મને બીજા દિવસના ઓડિશન માટે ટોકન સાથે આવવા કહ્યું. પરંતુ બીજા દિવસ ટોકન મેળવવા યુવાનો એકબીજા સામે હરીફાઈ કરવા લાગ્યા હતા.’આ વાત કરતા તેણે જણાવ્યું હતુ કે, ‘ભીડને કાબૂમાં લેવા માટે માર મારવામાં આવી રહ્યો હતો. હું એક ખૂણામાં ઊભો હતો ભૂખ્યો અને તરસ્યો, સવારે ૬-૭ કલાક સુધી ઓડિશન માટે તેના વારાની રાહ જોતો હતો. પછી તે ત્યાંથી એ વિચારીને ચાલ્યો ગયો કે તે તેના જીવનમાં ક્યારેય ઓડિશનમાં ભાગ નહીં લે. પછી મે ઈન્ટરનેટ મીડિયા પર યુટ્યુબર તરીકે કારકિર્દી બનાવવાનું નક્કી કર્યું હતું.’ભુવને વીડિયો બનાવવા અને તેના પર માતા-પિતાની પ્રતિક્રિયા અને રસપ્રદ કિસ્સો જણાવતા કહ્યું કે, ‘જ્યારે પપ્પા મારા જોક્સ પર હસી પડ્યા. તે યાદગાર ક્ષણ હતી. પછી ધીમે-ધીમે ઈન્ટરનેટ મીડિયાથી ઓટીટી સુધીની સફર કરી. આમાં ઘણા પડકારો ઊભા થયા.

# એક દિવસમાં ૨૦૦ જેટલી સિગારેટ પી જતા હતા અમિતાભ બચ્ચન

### કોલેજમાં બહુ ઝઘડતાં હતા



અમિતાભ બચ્ચન પોતાની સ્ટ્રિક્ટ લાઈફસ્ટાઈલ માટે જાણીતો છે. તે હવે સ્મોક કરતો નથી અને દારૂ પણ પીતો નથી પરંતુ શું તમને ખબર છે કે એક સમય એવો હતો જ્યારે અમિતાભ એક દિવસમાં ૨૦૦ સિગારેટ પી જતો હતો. એક જૂના ઈન્ટરવ્યૂમાં અમિતાભે આ વિશે વાત કરી હતી. અમિતાભે જણાવ્યું કે ‘હુ નોનવેજ ખાતો નથી પ રંતુ મારી પત્ની જયા ખાય છે.’અમિતાભે કહ્યું, ‘હુ સ્મોક કરતો નથી અને ડ્રિન્ક પણ કરતો નથી અને નોનવેજ પણ ખાતો નથી. આ કોઈ ધર્મના કારણે નહીં પરંતુ ટેસ્ટના કારણે છે. મારા પરિવારમાં મારા પિ તા વેજિટેરિયન હતા અને મારી માતા નહીં. તેવી જ રીતે જયા નોનવેજ ખાય છે અને હુ નહીં. હુ પહેલા મીટ ખાતો હતો. ડ્રિન્ક અને સ્મોક પણ કરતો હતો પરંતુ હવે બધું છોડી દીધું છે. કોલકાતામાં હુ એક દિવસમાં ૨૦૦ સિગારેટ પીતો હતો, હાં ૨૦૦. પરંતુ મુંબઈ આવ્યા બાદ મે છોડી દીધી. હુ ડ્રિન્ક પણ કરતો હતો, કંઈ પણ હોય જે હાથમાં આવે તે પીતો હતો પરતુ અમુક વર્ષો પહેલા મે નક્કી કર્યું કે મને આની જરૂર નથી. આ ટેવોના કારણે મને કોઈ તકલીફ થતી નહોતી, માત્ર જ્યારે હુ વિદેશમાં શૂટિંગ કરી રહ્યો હોવ ત્યારે કેમ કે ત્યાં વેજિટેરિયન ભોજનને લઈને મુશ્કેલી પડે છે.’અમિતાભે કહ્યું કે હુ અહિંસક માણસ છુ. મને નથી લાગતુ કે હુ હિંસક માણસ છુ. હુ મારું નિયંત્રણ પણ ગુમાવતો નથી. હા, કોલેજના દિવસોમાં અમુક ઝઘડા થતા હતા પરંતુ આટલું જ. સ્કીન પર લડત ખૂબ અનરિયલ હોય છે.

# કરીના સાથે ફિલ્મની ઓફર સ્વીકાર્યા બાદ આયુષ્માન ખુરાનાએ પલટી મારી

### એ-ગ્રેડ સ્ટાર સાથે જ કામ કરવાનો આગ્રહ રાખતી કરીના કપૂર ખાનના દિવસો સાચા અર્થમાં બદલાયાં



કરીના કપૂર ખાનનો સિતારો બુલંદી પર હતો ત્યારે તે નવોદિત એક્ટર્સ સાથે કામ કરવાની ના પ ાડી દેતી હતી. શાહરૂખ-અક્ષય જેવાં મોટાં સ્ટાર હોય તો જ ફિલ્મમાં કામ કરવાનો આગ્રહ કરીના રાખતી હતી. કો-સ્ટાર્સની પસંદગીમાં નિશ્ચિત ગમા-અણગમા સાથે કામ કરનારી કરીના કપૂર ખાનના દિવસો સાચા અર્થમાં બદલાયા હોય તેમ લાગે છે. આયુષ્માન ખુરાનાને હજુ એ-ગ્રેડ સ્ટાર્સની કેટેગરીમાં સ્થાન મળ્યું નથી. એક્ટર તરીકે આયુષ્માનની પ્રશંસા થાય છે, પરંતુ કરીનાએ અગાઉ નક્કી કરેલા માપદંડો મુજબ તે મોટો સ્ટાર નથી. આયુષ્માન અને કરીનાને લીડ રોલમાં રાખી ડાયરેક્ટર મેઘના ગુલઝારે એક ફિલ્મ ફાઈનલ કરી હતી. ફિલ્મનું શૂટિંગ શરૂ થતાં પ હેલાં જ આયુષ્માન ખુરાનાએ શૂટિંગ માટે સમય ન હોવાનું કારણ દર્શાવી ના પાડી દીધી છે. જેના કારણે ડાયરેક્ટરે રીપ્લેસમેન્ટ શોધવા તજવીજ હાથ ધરી છે. મેઘના ગુલઝારે કરીના કપૂર ખાનને લીડ રોલમાં રાખીને ‘દાયરા’ પ્લાન કરી હતી. આયુષ્માન ખુરાનાએ કરીના સાથે કામ કરવાનો ઉત્સાહ દર્શાવ્યો હતો, જેના કારણે ફિલ્મને ફલોર પર લઈ જવાની તૈયારીઓ શરૂ થઈ હતી. જો કે આયુષ્માન ખુરાના અત્યારે અમેરિકામાં મ્યૂઝિક ટૂર અને બોર્ડર ૨ના શૂટિંગમાં રોકાયેલો છે. જેના કારણે હાલ કરીના કપૂર ખાન સાથેની ફિલ્મનું શૂટિંગ કરવા માટે સમય નહીં હોવાની તેની દલીલ છે. રિપોર્ટ્સ મુજબ, આયુષ્માન ખુરાના તરફથી ફિલ્મની ટીમને તારીખો નહીં હોવા બાબતે જાણ કરી દેવાઈ છે.

# કૂલી-કાલિયા જેવા હીરો આપવાનું ભૂલી જવાય છે



સાઉથ ઈન્ડિયન સિનેમા અને બોલિવૂડ વચ્ચે ફરી ચર્ચા શરૂ થઈ ગઈ છે, કારણ કે ૨૦૨૪માં ફરી તેલુગુ સિનેમાએ બોક્સ ઓફિસ પર હિન્દી ફિલ્મો કરતાં સારું પ્રદર્શન કર્યું છે. ૨૦૨૩માં બોલિવૂડને ‘જવાન’, ‘ગદર’ અને ‘એનિમલ’ની રિલીઝ સાથે થોડા સમય માટે જીવતદાન મળી ગયું હતું પરંતુ ૨૦૨૪ આવતા દર્શકોનો પ્રેમ ફરી સાઉથના સિનેમા તરફ વળી ગયો છે. ખાસ કરીને નાગ અશ્વિનની ‘કલ્કિ ૨૮૯૮ એડી’ તેલુગુ અને હિન્દી બંને ભાષામાં વર્ષની સૌથી સફળ ફિલ્મ સાબિત થઈ છે. બોલિવૂડની ફિલ્મો ઓડિયન્સને ઈમ્પ્રેસ કેમ નથી કરતી? તે અંગે અલ્લુ અર્જુને બોલ્ડ ઓપિનિયન આપ્યો હતો. આ ઓપિનિયને વિગતે સમજાવતાં ડાયરેક્ટર નિખિલ અડવાણીએ કહ્યું હતું કે, કૂલી અને કાલિયા જેવા હીરો આપવાનું બોલિવૂડ ભૂલી ગયું છે.

# જાન્હવી કપૂરની બીજી તેલુગુ ફિલ્મનું મૈસૂરુમાં શૂટિંગ શરૂ

### ડાયરેક્ટરે ચામંડેશ્વરી માતાના દર્શન બાદ શરૂઆત કરી

જુનિયર એનટીઆર સાથે ‘દેવરા’ની રિલીઝ પછી જાન્હવીની બીજી તેલુગુ ફિલ્મનું શૂટિંગ શરૂ થયું છે. મૈસૂરુમાં ચામુંડેશ્વરી માતાના મંદિરમાં દર્શન બાદ ડાયરેક્ટર બુચી બાબુએ ફિલ્મની શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં જાન્હવીની સાથે લીડ રોલમાં રામચરન છે. ફિલ્મની લીડ કાસ્ટ સોમવારથી શૂટિંગમાં જોડાઈ શકે છે. ડાયરેક્ટર બુચીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી માતાના દર્શન બાદ શુભેચ્છકોના આશીર્વાદ માગ્યા હતા. જાન્હવીએ પ્રાર્થના અને તાળીઓની ઈમોજી સાથે આ પોસ્ટ પર રીએક્ટ કર્યું હતું. ‘મગધીરા’માં રામચરન સાથે કામ કરનારા દેવ ગિલે પણ કોમેન્ટ કરી હતી. ફિલ્મમાં જગપતિ બાબુનો મહત્ત્વનો રોલ છે અને તેઓ પોતાના દમદાર રોલથી આખી ફિલ્મ પર છવાઈ જવા તૈયાર છે. જગપતિ અને રામચરને અગાઉ ડાયરેક્ટર સુકુમારની ફિલ્મ રંગસ્થલમમાં સાથે કામ કરેલું છે. જાન્હવી અને રામચરન પહેલી વાર સાથે કામ કરી રહ્યા છે. રામચરન અને જાન્હવીના સ્ક્રિન શેરના દૃશ્યો સોમવારે શૂટ થઈ શકે છે. આ ફિલ્મ માટે રામચરને આકરી મહેનત કરીને ફિઝિકલ ટ્રાન્સફોર્મેશન કર્યું છે. જાન્હવી અને રામચરન સાથે પાન ઈન્ડિયા ફિલ્મ બનાવવાનું આયોજન થયું છે. જાન્હવીએ જુનિયર એનટીઆર સાથે કરેલી ‘દેવરા’ને બોક્સઓફિસ પર ઠંડો રિસ્પોન્સ મળ્યો હતો. રામચરન સાથેની આગામી ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી થયું નથી. તેને હાલ આરસી૧૬ તરીકે ઓળખવામાં આવે છે. જાન્હવીની બીજી તેલુગુ ફિલ્મને કેવો રિસ્પોન્સ મળે છે તે જોવું રહ્યું.



# કેટરિના કૈફને ડાયાબિટીસ ! હાથ પર બ્લેક પેચ જોઈને ચાહકોની વધી ચિંતા

કેટરીના કૈફ હાલમાં જ એક નવરાત્રિ ઈવેન્ટમાં હાજરી આપી હતી. આ ઈવેન્ટમાં તે બ્લેક પેચ સાથે જોવા મળી હતી, જેને જોઈને ફેન્સ તેના સ્વાસ્થ્યની ચિંતા કરવા લાગ્યા હતા. આ બ્લેક પેચ જોઈને ચાહકો અનુમાન લગાવી રહ્યા છે કે તેને ડાયાબિટીસ છે કે કેમ. કેટરિના કૈફ માત્ર એક શાનદાર અભિનેત્રી જ નથી, પરંતુ એક સ્ટાઈલ આઈકોન પણ માનવામાં આવે છે, જે ફેશનના મામલે ક્યારેય પાછળ નથી રહેતી. તાજેતરમાં અભિનેત્રીએ નવરાત્રિના એક કાર્યક્રમમાં હાજરી આપી હતી, જેમાં તે સાડી પહેરેલી જોવા મળી હતી. આ દરમિયાન કેટલાક ચાહકોએ તેના હાથ પર કાળો ડાઘ જોયો, જેના કારણે ચાહકો તેના સ્વાસ્થ્યને લઈને ચિંતિત છે. આ જોઈને લોકોએ પૂછ્યું પણ, “શું તેને ડાયાબિટીસ છે?” કેટરીના કૈફ નવરાત્રી ઈવેન્ટમાં હાજરી આપવા મુંબઈના કાલીના એરપોર્ટ પર જોવા મળી હતી. કેટરીના એરપોર્ટ પર ટ્રેડિશનલ લુકમાં જોવા મળી હતી. અભિનેત્રીએ પીચ રંગની સાડી પહેરીને ઘણી હેડલાઈન્સ મેળવી હતી, જે તરુણ તાહિલિયાની દ્વારા ડિઝાઈન કરવામાં આવી હતી. આ ઈવેન્ટમાં કેટરીનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. એક તરફ ચાહકો કેટરીનાની ફેશન સેન્સના વખાણ કરતા જોવા મળ્યા હતા.



# સારાએ સફળ જીવનનું શ્રેય કેદારનાથને આપ્યું

સારા અલી ખાનને કેદારનાથ પ્રત્યે કેટલી શ્રદ્ધા છે અને તે અનેક વખત કેદારનાથની મુલાકાત લે છે, તે તો તેના દરેક ફેન્સ જાણે છે. સારાની ડેબ્યુ ફિલ્મ ‘કેદારનાથ’ હતી. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં સારાએ કહ્યું કે આ સ્થળની પહેલી મુલાકાતે તેનું જીવન કઈ રીતે બદલ્યું અને તેને અંગત જીવન તેમજ કરિઅરમાં જે પણ સફળતાઓ મળી તેનું શ્રેય તેણે કેદારનાથને આપ્યું હતું. આ સ્થળ સાથેના તેના જોડાણ અંગે વાત કરતાં સારાએ કહ્યું, “જ્યારે હું પહેલી વખત કેદારનાથ ગઈ તો, હું એક એક્ટર નહોતી કે નહોતી હાલ છું એ વ્યક્તિ. આજે હું જે કંઈ પણ છું તે માત્ર આ જગ્યાને કારણે છું. જ્યારે પણ બુલાવો આવે છે ત્યારે હું ફરી તેમના દર્શન માટે પહોંચી જઉં છું અને મારું કામ કર્યા કરું છું.”સારા કેદારનાથ ઉપરાંત પણ ભારતના ઘણા મંદિરોની મુલાકાત લેતી રહે છે અને તેની ધાર્મિકતા માટે જાણીતી છે. આ મુલાકાતો તે પોતાના સોશિયલ મીડિયા પર પણ શેર કરતી રહે છે, છતાં એક મુસ્લિમ પિ તા અને હિન્દુ માતાની દિકરી થઈને મંદિરોની મુલાકાતો લેતી હોવાથી તેને ઘણી વખત ટ્રોલિંગનો પણ સામનો કરવો પડે છે. આ પ્રકારની નકારાત્મકતાઓનો સામનો કરવા અંગે સારાએ અગાઉના ઘણા ઈન્ટરવ્યૂમાં કહ્યું છે કે, તેનાથી તેને ખાસ ફરક પડતો નથી. જ્યાં સુધી તેના કામના વખાણ થતાં રહે છે, ત્યાં સુધી તે આ આસપાસના ઘોંઘાટ પર ધ્યાન આપતી નથી. સારાના કામની વાત કરવામાં આવે તો છેલ્લે તેણે કન્નન ઐયરની ‘એ વતન મેરે વતન’માં કામ કર્યું હતું. આ ફિલ્મ ખાસ ચાલી ન હતી. અનુરાગ બાસુની આગામી ફિલ્મ ‘મેટ્રો ઈન દિનોં’માં સારાનો લીડ રોલ જોવા મળશે.



# કામઢી રાધિકા : માતા બન્યાના આઠ દિવસમાં જ કામેં લાગી

### અભિનેત્રી રાધિકા આપ્ટે હવે જાણીતું નામ બની ગઈ છે

ન્યુ બોર્ન બેબી સાથે રાધિકા આપ્ટેનો ફોટો વાયરલ થયો છે જેમાં તેણીબાળકના જન્મના ૮ દિવસમાં જ કામેં લાગી ગઈ હોવાનું દેખાઈ રહ્યું છે.રાધિકાએ ૧૩ ડિસેમ્બરે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોતાના બાળક સાથેની પહેલી તસવીર પણ શેર કરી દીધી. જેમાં તે પોતાની નાનકડી દીકરી અને લેપટોપ સાથે જોવા મળે છે અભિનેત્રી રાધિકા આપ્ટે હવે જાણીતું નામ બની ગઈ છે. થોડા સમય પહેલા જ તેણે પોતાની પ્રેગનેન્સી અનાઉન્સ કરી હતી. લગ્નના ૧૨ વર્ષ પછી તે માતા બની છે અને તેણે એક અઠવાડિયા પહેલા જ દીકરીને જન્મ આપ્યો છે. રાધિકાએ ૧૩ ડિસેમ્બરે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોતાના બાળક સાથેની પહેલી તસવીર પણ શેર કરી દીધી. જેમાં તે પોતાની નાનકડી દીકરી અને લેપટોપ સાથે જોવા મળે છે. રાધિકા આપ્ટે પોતાના ઈન્સ્ટાગ્રામ પર દિકરી સાથેનો એક ફોટો શેર કર્યો છે. આ ફોટોના કેપ્શનમાં તેણે લખ્યું છે કે, દીકરીના જન્મ પછી એક અઠવાડિયાના બાળક સાથે કામ ફરીથી શરૂ. જોકે રાધિકા કોમેન્ટમાં એવું નથી જણાવ્યું કે તેને દીકરીને જન્મ આપ્યો છે કે દીકરાએ. પરંતુ તેની એક મિત્ર સારા અફઝલે કોમેન્ટ કરી છે અને તેમાં તેણે લખ્યું છે સૌથી સારી છોકરીઓ.આ કોમેન્ટ પરથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે રાધિકા આપ્ટે એ દીકરીને જન્મ આપ્યો છે.મહત્વનું છે કે રાધિકા વર્ષ ૨૦૧૨માં બ્રિટિશ વાઈલીનીસ્ટ અને સંગીતકાર બેનેડીકટ ટેલર સાથે લગ્ન કર્યા હતા. રાધિકા આપ્ટે પોતાની પર્સનલ લાઈફને લાઈમલાઈફથી દૂર રાખે છે. રાધિકા આપ્ટેએ તેની પ્રેગ્નન્સી પણ પ્રાઈવેટ રાખી હતી.



## સાઉથ કોરિયામાં મોટી દુર્ઘટના । જેજુ એરના સીઈઓએ દુર્ઘટના બદલ માફી માંગી

# ૧૮૧ યાત્રીકોને લઈ જઈ રહેલ પ્લેન ક્રેશ થતાં ૧૨૦ લોકોના મોત

### થાઈલેન્ડથી ઉડાન ભરી રહેલું જેજુ એરનું વિમાન ૧૭૫ મુસાફરો અને ૬ ક્રૂ મેમ્બરોને લઈને એરપોર્ટ પર ઉતરી રહ્યું હતું ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી

। મુઆન, તા.૨૯ ।

દક્ષિણ કોરિયાના મુઆન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રવિવારે એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. અહીં એક પ્લેન રનવે પરથી ક્રેશ થતાં ૧૨૦ લોકોનાં મોત થયાં હતાં. સુત્રોના જણાવ્યા અનુસાર આ દુર્ઘટના એ સમયે બની જ્યારે થાઈલેન્ડથી ઉડાન ભરી રહેલું જેજુ એરનું વિમાન ૧૭૫ મુસાફરો અને ૬ ક્રૂ મેમ્બરોને લઈને એરપોર્ટ પર ઉતરી રહ્યું હતું ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. દુર્ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં પ્લેન રનવે પરથી ઉતરીને દૂર સુધી સરકતું જોવા મળે છે અને પછી ફેન્સિંગ સાથે અથડાય છે. ટક્કર બાદ પ્લેનમાં જોરદાર વિસ્ફોટ થાય છે અને તેના પાંખિયા તૂટી જાય છે. ટક્કર બાદ તરત જ પ્લેનમાં આગ ભભૂકી ઉઠે છે. પ્લેન રનવે પરથી સરકીને વાડ સાથે અથડાયું હતું. સાઉથ-વેસ્ટ કોસ્ટ એરપોર્ટ પર સ્થાનિક સમય મુજબ સવારે ૯:૦૭ વાગ્યે આ ઘટના બની હતી.







### સીઈઓએ મૃતકો અને તેમના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી

સીઈઓએ મૃતકો અને તેમના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી કિમ ઈ-બેએ માફી પત્રમાં લખ્યું છે કે 'સૌ પ્રથમ, અમે જેજુ એર પર વિશ્વાસ કરતા તમામ લોકોની માફી માંગીએ છીએ. ૨૯ ડિસેમ્બરે, લગભગ સવારે ૯:૦૩ વાગ્યે, બેંગકોકથી મુઆન જતી ફ્લાઈટ ૭સી૨૨૧૬ માં મુઆન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતરતી વખતે આગ લાગી હતી. અમે આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા મુસાફરોના પરિવારજનો પ્રત્યે અમારી ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ અને માફી માંગીએ છીએ. અકસ્માતનું કારણ હજુ અસ્પષ્ટ છે અને અમારે તપાસ રિપોર્ટની રાહ જોવી પડશે. કારણ ગમે તે હોય, સીઈઓ તરીકે હું આ ઘટના માટે ઊંડી જવાબદારી અનુભવું છું.

### ચીફ ઓફ સ્ટાફે પણ ઈમરજન્સી બેઠક બોલાવી

આ ઘટના મુજબ જેજુ એરના વિમાનમાં આગ લાગી. આ ફ્લાઈટ થાઈલેન્ડથી પરત ફરી રહી હતી. જેજુ એરના સીઈઓએ દક્ષિણ કોરિયામાં થયેલા ભયાનક વિમાન દુર્ઘટના બદલ માફી માંગી છે. આ માફી કંપનીની સત્તાવાર વેબસાઈટ પર પોસ્ટ કરવામાં આવી છે. જેજુ એરના સીઈઓ કિમ ઈ-બેએ મુઆન એરપોર્ટ પર થયેલા અકસ્માત માટે માફી માંગી છે. તેમણે કહ્યું કે અકસ્માતનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. અમે સંબંધિત સરકારી એજન્સીના તપાસ રિપોર્ટની પણ રાહ જોઈ રહ્યા છીએ. દક્ષિણ કોરિયાના કાર્યવાહક રાષ્ટ્રપતિ ચોઈ સુંગ-મોકે રાહત અને બચાવ કામગીરી માટે તમામ સંભવિત પગલાં લેવાનો આદેશ આપ્યો છે. તેમના ચીફ ઓફ સ્ટાફે પણ ઈમરજન્સી બેઠક બોલાવી છે.

### બાકીના મુસાફરોના બચવાની ઘણી ઓછી આશા

પોલીસ અને ફાયર અધિકારીઓના જણાવ્યા અનુસાર, બાકીના મુસાફરોના બચવાની ઘણી ઓછી આશા છે. વિમાન બેંગકોકથી ૧૭૫ મુસાફરો અને છ ક્રૂ સભ્યોને લઈને પરત ફરી રહ્યું હતું. મોટાભાગના મુસાફરો દક્ષિણ કોરિયાના નાગરિકો હતા. અઝરબૈજાન એરલાઈન્સનું વિમાન કઝાકિસ્તાનના અક્તાઉ નજીક ક્રેશ થયાના દિવસો બાદ દક્ષિણ કોરિયામાં આ દુર્ઘટના થઈ હતી. આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૬૭ લોકોમાંથી ૩૮ લોકોના મોત થયા હતા. અઝરબૈજાનની પ્રાથમિક તપાસ સૂચવે છે કે રશિયન એર ડિફેન્સે ભૂલથી પ્લેનને તોડી પાડ્યું હતું. આ દરમિયાન શનિવારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પણ અઝરબૈજાનના નેતાની માફી માંગી હતી. મળતી માહિતી મુજબ રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન અત્યાર સુધીમાં બે લોકો બચી ગયા છે.

## દીપિકા પાદુકોણને કારણે 'કલ્કી ૨'નું શૂટિંગ વિલંબમાં,અટકી ગયું છે



। મુંબઇ, તા.૨૯ ।

કલ્કિઃ ૨૮૯૮ એડીની અપાર સફળતાથી, ફિલ્મના ચાહકો તેની સિક્વલની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. જો કે, એવું લાગે છે કે આ ફિલ્મના ચાહકોને થોડી વધુ રાહ જોવી પડી શકે છે. અહેવાલ મુજબ, કલ્કિ ૨ નું શૂટિંગ ૨૦૨૫ ના ઉનાળામાં શરૂ થવાનું હતું, પરંતુ તેનું શૂટિંગ થોડું વધુ વિલંબિત થઈ શકે છે કારણ કે દીપિકા તેની પુત્રી દુઆને કારણે કામ પર વહેલા પાછા ફરવા માંગતી નથી, જેના કારણે તેનું શૂટિંગ આગળ વધશે. વિલંબ થઈ શકે છે.તાજેતરમાં દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે મુંબઈમાં એક ખાનગી કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જ્યાં તેઓએ તેમની પુત્રી દુઆને પાપારાઝી સાથે પરિચય કરાવ્યો હતો. દરમિયાન, મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જ્યારે દીપિકાને કાર્યક્રમ દરમિયાન કલ્કી ૨ વિશે પૂછવામાં આવ્યું ત્યારે અભિનેત્રીએ કહ્યું કે બેબી દુઆ તેની પ્રથમ પ્રાથમિકતા છે.

### અમેરિકા આ દિવસોમાં હવામાનની અસરનો સામનો કરી રહ્યું છે

# અમેરિકામાં તોફાન અને હિમવર્ષાને કારણે ૭૦૦૦થી વધુ ફ્લાઈટ્સ મોડી કે રદ કરાઈ

### ફ્લાઈટ ટ્રેકિંગ સાઈટ ફ્લાઈટઅવેરના જણાવ્યા અનુસાર ૨૦૦ થી વધુ ફ્લાઈટ્સ કેન્સલ કરવામાં આવી હતી, એટલાન્ટાના હાર્ટ્સફિલ્ડ-જેક્સન ઇન્ટરનેશનલ એરપોર્ટ પર લગભગ ત્રીજા ભાગની ફ્લાઇટ્સ વિલંબિત થઈ હતી

। વોશિગ્ટન,તા.૨૯ ।

અમેરિકા આ દિવસોમાં હવામાનની અસરનો સામનો કરી રહ્યું છે.અમેરિકામાં તોફાન અને હિમવર્ષાને કારણે હજારો ફ્લાઈટ્સ કાં તો મોડી પડી હતી અથવા રદ કરવામાં આવી હતી. જેના કારણે આ તહેવારોની સિઝનમાં ટ્રાફિકને માઠી અસર થઈ હતી અને લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. દક્ષિણપૂર્વમાં ઘાતક ટોર્નેડો અને પશ્ચિમ કિનારે ભારે બરફ અને તીવ્ર પવનને કારણે સમગ્ર દેશમાં ૭,૦૦૦ થી વધુ ફ્લાઈટ્સ વિલંબિત અથવા રદ કરવામાં આવી હતી.ફ્લાઈટ ટ્રેકિંગ સાઈટ ફ્લાઈટઅવેરના જણાવ્યા અનુસાર ૨૦૦ થી વધુ ફ્લાઈટ્સ કેન્સલ કરવામાં આવી હતી. એટલાન્ટાના હાર્ટ્સફિલ્ડ-જેક્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લગભગ ત્રીજા ભાગની ફ્લાઈટ્સ વિલંબિત થઈ હતી અને ડલ્લાસ/ફોર્ટ વર્થ ઈન્ટરનેશનલ એરપોર્ટ અને હ્યુસ્ટનના જ્યોર્જ બુશ ઈન્ટરકોન્ટિનેન્ટલ એરપોર્ટ પરથી આવતી લગભગ અડધી ફ્લાઈટ્સ વિલંબિત થઈ હતી. ઓછામાં ઓછા ૧૦ ટોર્નેડો શનિવારે દક્ષિણપૂર્વીય યુએસ રાજ્યો ટેક્સાસ, લ્યુઈસિયાના અને મિસિસિપીમાં ત્રાટક્યા હતા, જેમાં હ્યુસ્ટન નજીક એક વ્યક્તિનું મોત થયું હતું, નેશનલ વેધર સર્વિસ અને સ્થાનિક કાયદા અમલીકરણએ જણાવ્યું હતું. નેશનલ વેધર સર્વિસના હરિકેન પ્રિડિક્શન સેન્ટર અનુસાર, 'આ સંખ્યામાં વધારો થશે.અધિકારીઓએ અહેવાલ આપ્યો છે કે ઘણા ઘરો અને શાળાઓને ખરાબ રીતે નુકસાન થયું છે અથવા નાશ પામ્યા છે. સોશિયલ મીડિયા પરની તસવીરોમાં રસ્તાઓ અને લૉન પર ઘરોના છૂટાછવાયા ખંડેર અને તૂટેલા વૃક્ષો અને વીજળીના થાંભલા દેખાય છે.




### લેન્ડિંગ બાદ પીએએલ એરલાઈન્સના

## એર કેનેડાની ફ્લાઈટમાં લેન્ડિંગ દરમિયાન રનવે પર આગ લાગી

### એર કેનેડાની ફ્લાઈટ એસીર૨૫૯, જે ૮૦ લોકોને સેન્ટ જોનથી હેલિફેક્સ લઈ જતી હતી

। ટોરેન્ટો, તા.૨૯ ।

દક્ષિણ કોરિયા સિવાય આજે કેનેડામાં પણ એક પ્લેન દુર્ઘટના થઈ છે. કેનેડામાં લેન્ડિંગ બાદ પીએએલ એરલાઈન્સના વિમાનમાં આગ લાગી. એર કેનેડાની ફ્લાઈટ એસી૨૫૯, જે ૮૦ લોકોને સેન્ટ જોનથી હેલિફેક્સ લઈ જતી હતી, તે એરપોર્ટ પર ઉતરી રહી હતી ત્યારે તે રનવે પરથી સરકી ગઈ હતી અને લેન્ડિંગ ગિયર તૂટી જતાં તેમાં આગ લાગી હતી. જોકે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ પ્લેનને નુકસાન થયું છે. મુસાફરોમાં પણ હોબાળો મચી ગયો હતો, લેન્ડિંગ થતાં જ લોકોને ઈમરજન્સી ગેટમાંથી બચાવી સલામત ઝોનમાં લઈ જવામાં આવ્યા હતા.રિપોર્ટ્સ અનુસાર, નિક્કી વેલેન્ટાઈન નામના એક પેસેન્જરે જણાવ્યું હતું કે, સેન્ટ જોન્સથી હેલિફેક્સ જતી ફ્લાઈટ હેલિફેક્સ સ્ટેનફોર્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થઈ રહી હતી, ત્યારે પ્લેનમાં આગ લાગી હતી. શનિવારની સાંજની વાત છે, પ્લેનનું ઈમરજન્સી લેન્ડિંગ કામ કરતું ન હતું તેથી પાઈલટે ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું. લેન્ડિંગ વખતે એરક્રાફ્ટ રનવે પરથી સરકી ગયું અને ૨૦ ડિગ્રીના ખૂણા પર નમ્યું. જ્યારે આ બન્યું ત્યારે જોરદાર આંચકો લાગ્યો અને મુસાફરોએ ચીસો પાડવાનું શરૂ કર્યું. જ્યારે તેમણે બારી બહાર જોયું તો પ્લેનના પાંખિયા અને એન્જિન રનવે પર ઘસડાતું હતું. પ્લેન રનવે પર અમુક અંતર સુધી ઢસડાઈ રહ્યું હતું, પરંતુ આ દરમિયાન પ્લેનની ડાબી બાજુએ આગ લાગી. ધુમાડો નીકળવા લાગ્યો, પરંતુ ત્યાં સુધીમાં પાયલટે વિમાનની બ્રેક લગાવી દીધી હતી.

## સારા અલી ખાને રણવીર સિંહની 'સિમ્બા'ના છ વર્ષની ઉજવણી કરી



। મુંબઇ, તા.૨૯ ।

બોલિવૂડ એક્ટ્રેસ સારા અલી ખાન આ દિવસોમાં પોતાની આગામી ફિલ્મને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મમાં તેની સાથે આયુષ્માન ખુરાના પહેલીવાર જોવા મળશે. આ દરમિયાન સારાએ રોહિત શેટ્ટી દ્વારા નિર્દેશિત ફિલ્મ 'સિમ્બા'ની કેટલીક શાનદાર તસવીરો શેર કરી છે, જે ચાહકોને ખૂબ જ પસંદ આવી રહી છે.સારા અલી ખાને તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર સિમ્બા ફિલ્મની અદ્ભુત ઝલક બતાવી છે, જેમાં તેના અને રણવીર સિંહના ઘણા અદ્ભુત દ્રશ્યો જોઈને ચાહકો ખૂબ જ ખુશ અને ઉત્સાહિત છે. આ ફિલ્મ ૨૮ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ રીલિઝ થઈ હતી અને આજે આ ફિલ્મને રિલીઝ થયાને છ વર્ષ થઈ ગયા છે. આ અવસર પર સારાએ ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મની કેટલીક શાનદાર ક્ષણો શેર કરીને તેના ચાહકોને ચોંકાવી દીધા છે.ફિલ્મમાં, રણવીર સિંહે ભડકાઉ પોલીસ અધિકારી સંગ્રામ ભાલેરાવની ભૂમિકા ભજવી હતી.

## રંગપુરીમાં પકડાયેલા આઠ બાંગ્લાદેશીઓ જંગલમાંથી ભારતમાં ઘૂસ્યા હતા

। નવીદિલ્હી,તા.૨૯ ।

દક્ષિણ-પશ્ચિમ જિલ્લાની વસંત કુંજ પોલીસે દિલ્હીમાં ગેરકાયદેસર રીતે રહેતા એક બાંગ્લાદેશી પરિવારને બાંગ્લાદેશ મોકલી દીધો છે. જેમાં પતિ, પત્ની અને તેમના છ બાળકોનો સમાવેશ થાય છે. બાંગ્લાદેશમાં રહેતા સમસુલ શેખનો પુત્ર જહાંગીર જંગલમાંથી ગેરકાયદેસર રીતે સરહદ પાર કરીને થોડા વર્ષો પહેલા ભારતમાં પ્રવેશ્યો હતો અને પછી દિલ્હી આવ્યો હતો. થોડા વર્ષો સુધી અહીં રહ્યા પછી, તે પાછો ગયો અને સરહદ પાર કરી અને જંગલમાંથી થઈને પરિવાર સાથે દિલ્હી આવ્યો.દક્ષિણ-પશ્ચિમ જિલ્લા પોલીસના ડેપ્યુટી કમિશનર સુરેન્દ્ર ચૌધરીએ જણાવ્યું હતું કે વસંત કુંજ દક્ષિણ પોલીસ સ્ટેશનના હેડ ઈન્સ્પેક્ટર અરવિંદ પ્રતાપ સિંહ, એટીઓ ઈન્સ્પેક્ટર રતન સિંહ, એસઆઈ ઉપેન્દ્ર, એસઆઈ પવન, ડબલ્યુ/પીએસઆઈ પ્રીતિ અને નેમી ચંદની ટીમે બાંગ્લાદેશી નાગરિકો સહિત પ્રવાસીઓની ધરપકડ કરી હતી. ગેરકાયદેસર રીતે શોધવા માટે ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. ઈન્સ્પેક્ટર રતન સિંહની ટીમે ચકાસણી અભિયાન દરમિયાન ડોર ટુ ડોર વેરિફિકેશન હાથ ધર્યું હતું.

## દિલ્હીમાં બે બદમાશોનું એન્કાઉન્ટર, પોલીસ ટીમ પર પિસ્તોલથી ફાયરિંગ

। નવીદિલ્હી, તા.૨૯ ।

દિલ્હીના પંજાબી બાગ વિસ્તારમાં એન્કાઉન્ટર કરવામાં આવ્યું છે. પોલીસ ટીમે બે બદમાશો સામે કાર્યવાહી હાથ ધરી છે. બંને બદમાશોના નામ રિંકુ અને રોહિત છે, જેમની વિરુદ્ધ ઘણા કેસ નોંધાયેલા છે. બંને બદમાશોએ દિલ્હીના હરિનગર વિસ્તારમાં સશસ્ત્ર લૂંટ કરી હતી. બંને ગુનેગારોએ દિલ્હી સહિત અનેક રાજ્યોમાં મોટા ગુના આચર્યા છે. તાજેતરમાં જ મધ્યપ્રદેશના ઈન્દોરમાં બંને બદમાશોએ હથિયારોની મદદથી લૂંટને અંજામ આપ્યો હતો.દિલ્હી પોલીસના સ્પેશિયલ સ્ટાફ અને એએટીએસ યુનિટને ઈનપુટ મળ્યો હતો કે બે વોન્ટેડ ગુનેગારો દિલ્હીના પંજાબી બાગ વિસ્તારમાંથી નીકળવાના છે.

### સમગ્ર સંકુલની સફાઈ ઝડપી ગતિએ ચાલુ

### ચંદૌસીમાં મહોલ્લા લક્ષ્મણગંજમાં મળેલા વાવને અસ્તિત્વમાં લાવવા માટે, રવિવારે નવમા દિવસે ખોદવાની પ્રક્રિયા ચાલુ રહી, રવિવારે પ્રશાસને સ્થળ પર બુલડોઝર મંગાવ્યું હતું

# યુપી સંભલમાં ઘરની નીચે પગથિયાંની દિવાલ મળી, માથા અને કૂવાની શોધમાં ખોદકામ ચાલુ

। સંભલ, તા.૨૯ ।

સંભલના ચંદૌસીમાં મહોલ્લા લક્ષ્મણગંજમાં મળેલા વાવને અસ્તિત્વમાં લાવવા માટે, રવિવારે નવમા દિવસે ખોદવાની પ્રક્રિયા ચાલુ રહી. રવિવારે પ્રશાસને સ્થળ પર બુલડોઝર મંગાવ્યું હતું. અગાઉ, જ્યાં પગથિયાં અને કૂવાના માથાની શોધમાં ખોદકામ કરવામાં આવ્યું હતું, ત્યાં એક મકાનની નીચે પગથિયાંની દિવાલ મળી આવી હતી. હવે વહીવટીતંત્ર ઘર વિશે વિચારી રહ્યું છે. બીજી તરફ સમગ્ર સંકુલની સફાઈ ઝડપી ગતિએ ચાલુ છે.આ પહેલા સવારે ૧૦ વાગ્યાની આસપાસ પાલિકાની ટીમ અને પીએસી સેનેટરી ઈન્સ્પેક્ટર પ્રિયંકા સિંહ મોહલ્લા લક્ષ્મણગંજ પહોંચ્યા હતા. ઈઓ કૃષ્ણકુમાર સોનકર પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ખોદકામ માટે મજૂરોની ત્રણ ટીમો બનાવવામાં આવી હતી. ઉપરના માળના કોરિડોરમાંથી માટી કાઢવા માટે એક ટીમ તૈનાત કરવામાં આવી હતી. જ્યારે, બીજાનો ઉપયોગ રસ્તા તરફ અને કૂવાની શોધમાં પગથિયાંનો છેડો ખોદવા માટે કરવામાં આવતો હતો. ત્રીજી ટીમ બબડીની બીજી બાજુની શોધમાં ખોદકામમાં તૈનાત હતી.ઈઓએ જણાવ્યું કે ત્રીજી ટીમે ઘરની નીચે એક પગથિયાંની દિવાલ જોવાનું શરૂ કર્યું. કહેવામાં આવી રહ્યું છે કે અહીં પગથિયાંનો પ્રવેશદ્વાર છે. જો કે, ઘરમાં પ્રવેશદ્વાર કેટલો ઊંડો છે? ખોદકામ પૂર્ણ થયા બાદ જ આ બાબત સ્પષ્ટ થશે. બીજી તરફ સાંજના પાંચ વાગ્યા સુધી કૂવાની શોધમાં ખોદકામ કરવામાં આવ્યું હતું. ઉપરના માળનો પાછળનો કોરિડોર લગભગ સાફ થઈ ગયો છે. એક બાજુનો કોરિડોર હજુ પણ કાદવથી ભરેલો છે.એએસટીની ટીમે શનિવારે સ્ટેપવેલ અને ખંડેર પ્રાચીન બાંકે બિહારી મંદિરનું પણ નિરીક્ષણ કર્યું હતું.



### હવામાન વિભાગે | હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં તીવ્ર શીત લહેર

# નવા વર્ષમાં ઉત્તર ભારતમાં શીત લહેર, વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી

। નવીદિલ્હી, તા.૨૯ ।

આ વખતે નવા વર્ષમાં શિયાળાની આફત તમને પરેશાન કરશે. હવામાન વિભાગે નવા વર્ષમાં ઉત્તર ભારતમાં શીત લહેર, વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. હવામાન વિભાગે કહ્યું છે કે ૩૦ ડિસેમ્બરથી ૨ જાન્યુઆરી સુધી હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં તીવ્ર શીત લહેર આવી શકે છે.

હવામાન વિભાગે કહ્યું કે હિમાચલ પ્રદેશના કેટલાક વિસ્તારોમાં તીવ્ર શીત લહેર આવવાની સંભાવના છે. જમ્મુ-કાશ્મીર, લદાખ, મુઝફ્ફરાબાદ, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના જુદા જુદા વિસ્તારોમાં પણ કોલ્ડ વેવની સ્થિતિ સર્જાઈ રહી છે.



હવામાન વિભાગે કહ્યું છે કે ૩૦ ડિસેમ્બરે પશ્ચિમ અને પૂર્વ ઉત્તર પ્રદેશમાં તાપમાનમાં ઘટાડો થશે. આઈએમડીના વૈજ્ઞાનિક અતુલ કુમાર સિંહે જણાવ્યું હતું કે યુપીમાં રવિવારથી હવામાન સાફ થઈ જશે અને આગામી બે-ત્રણ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ત્રણથી છ ડિગ્રીનો ઘટાડો થશે. જો કે, પૂર્વ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં કેટલાક સ્થળોએ મધ્યમ વરસાદની શક્યતા છે.હવામાન વિભાગે જણાવ્યું કે હિમાચલ પ્રદેશના ભાગોમાં રવિવાર સવાર સુધી હળવો વરસાદ અને મધ્યમ હિમવર્ષા ચાલુ રહેવાની શક્યતા છે. પૂર્વોત્તર-ચંબા, કાંગડા, કુલ્લુ, મંડીના ઉત્તરીય ભાગો, લાહૌલ-સ્પીતિ, કિન્નૌર અને સિરમૌર જિલ્લામાં ભારે વરસાદ અથવા હિમવર્ષાની સંભાવના છે. આ સાથે સોમવારથી હિમાચલ પ્રદેશના પહાડી અને મેદાની વિસ્તારોમાં શીત લહેર અને ગાઢ ધુમ્મસ છવાઈ શકે છે. શિમલામાં અને તેની આસપાસ વરસાદ ચાલુ રહી શકે છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર,સવારે ૮:૩૦ વાગ્યા સુધી દિલ્હીમાં ૨૪ કલાકમાં ૪૧.૨ મીમી વરસાદ નોંધાયો હતો, જે ૧૦૧ વર્ષમાં ડિસેમ્બરમાં એક જ દિવસમાં સૌથી વધુ છે.





# ગીરનાર પર્વત પર એવો ભારે પવન ફૂંકાયો કે આસપાસના ઉડ્યા પતરા

। જૂનાગઢ, તા. ૨૯ ।

રાજ્યમાં કમોસમી વરસાદની સાથે હાલ ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે. ત્યારે ગિરનાર પર્વત પર પ્રતિ કલાક ૬૦ કિ.મીની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. જેથી પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રોપ વે બંધ કરવામાં આવ્યો છે. પ્રવાસીઓ ગિરનારની સીડીઓ ચડવા મજબૂર થઈ રહ્યા છે. આજે આખો દિવસ રોપ-વે સેવા બંધ રહે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જેના કારણે પ્રવાસીઓ હાલાકીનો સામનો કરી શકે છે.જૂનાગઢ જિલ્લાના ગીરનાર રોપ-વે બંધ કરાયો છે. ભારે પવનને લઈ સૌથી મોટો નિર્ણય લેવાયો છે. ગીરનાર પર્વત પર ૬૦ કિમીથી વધુ ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. યાત્રિકોની સલામતીને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવાયો છે. પવનની ગતિ સામાન્ય થયા બાદ રોપ-વે ફરી શરૂ કરાશે. ગિરનાર પર્વત પર આજ સવારથી જ પ્રવાસીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.




























**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya